# ‘કુવલયમાલા’

# કૃતિની આંતર કથાઓ એક અભ્યાસ

## ડૉ છાયા શાહ

**<u>અનુક્રમ</u>**


- ગ્રંથકાર નો પરિચય
- ગ્રંથનો રચનાકાળ - સમય - સ્થળ
- કૃતિની આંતર કથાઓ એક અભ્યાસ
- આંતર કથાઓના પ્રકાર
- આંતર કથાઓની ભાષાશૈલી
- આંતર કથાઓમાં પ્રગટતી અલંકાર સમૃદ્ધિ
- આંતર કથાઓની વિષયવસ્તુ
- આંતર કથાઓમાં આવતા વર્ણનો
- આંતર કથાઓના પાત્રો
- ઉપસંહાર
- પરિશિષ્ટ
- વર્ણનનું ઉદાહરણ
- રાજર્ષિ નો ઉપદેશ ઉદાહરણરૂપે


## <u>ગ્રંથકારનો પરિચય :</u>

આ કૃતિના ગ્રંથકાર દાક્ષિણ્યચિહ્નન સૂરિ શ્રી ઉદ્યોતન સૂરિ હતા. ગ્રંથને અંતે અપાયેલી પ્રશસ્તિમાં તેમણે પોતાનો તથા ગુરુ પરંપરા નો પરિચય આપ્યો છે, તે માહિતી આ પ્રમાણે છે તેમના પિતાનું નામ ઉદ્યોતન હતું અને તે મહાદ્વાર નગરના ક્ષત્રિય રાજા હતા. તેમના પુત્રનું નામ ભદ્રેશ્વર હતું અને તેમના પુત્ર તે ઉદ્યોતન સૂરિશ્વરજી. ગુરુ પરંપરા વિશે લખતા તેઓ જણાવે છે કે તેઓશ્રી ભદ્રેશ્વરના શિષ્ય તત્ત્વાચાર્યના

શિષ્ય હતા. તેમને સિદ્ધાંતશાસ્ત્રનું અધ્યયન વીરભદ્રાચાર્ય પાસે અને 1444 ગ્રંથ જેમણે રચ્યા છે તે હરિભદ્ર સૂરિશ્વરજી પાસે ન્યાયશાસ્ત્રનું અધ્યયન કર્યું.

## કુવલયમાલાનો રચના સમયે સ્થળ

ગુજરાતના જાંબલીપૂરમાં શ્રી વત્સરાજ નામે રાજા રાજ્ય કરતો હતો ત્યારે શ્રી વીરભદ્રાચાર્યે પ્રભુ ઋષભદેવનું એક મંદિર બંધાવ્યું હતું. તે મંદિરના પટાંગણમાં સ્થિર રહીને ઉદ્યોતન સૂરિએ આ રચના કરી હતી. શક સંવત 700 પૂર્ણ થવામાં એક દિવસ બાકી હતો ત્યારે ચૈત્ર વદ ચૌદસના દિવસે ત્રીજા પહોરે એટલે કે ઇસ ૭૭૯ માર્ચની 21મી તારીખે અને વિક્રમ સંવત 835 ચૈ  ચૌદસને દિવસે આ ગ્રંથની રચના કરી હતી. આ ગ્રંથની રચનામાં તેમને  દેવી (સરસ્વતી દેવી) ની સહાય હતી. પોતાને આ ગ્રંથ રચવાની સૂચના પ્રેરણા અને પ્રસાદ આ દેવીએ આપ્યા છે. આ દેવીની સહાયથી જ તેઓ પ્રહર માત્રમાં 100 જેટલી ગાથાની રચના કરી હતી તેવો તેમનો ઉલ્લેખ કરેલો છે સર્વ આખ્યાનક દેવીએ જ કર્યું છે પોતે તો માત્ર નિમિત્ત જ છે કોઇ દોષ રહી ગયો હોય તો તે પોતાનો જ છે, એમ કવિ નમ્રતાપૂર્વક સ્વીકારે છે આખો ગ્રંથ 13000 શ્લોક પ્રમાણ છે. 29 પ્રકરણોમાં વિભાજિત છે.

વાચકને પરમ તૃપ્તિનો અનુભવ કરાવતી કથા 'કુવલયમાલા' પોતાના દરેક શબ્દને સૌંદર્યથી મઢી દઈને વાચકને આનંદની પરમ અનુભૂતિ કરાવીને જિનધર્મના ઉપદેશરૂપી અમૃતનું પયપાન કરાવીને વાચકના હૃદયમાં વૈરાગ્યનાં અંકુર ઉગાડી આપે છે.

"કમળનાં આસન પર બેઠેલી,

કમલ જેવી કાંતિવાળી,

અને હાથમાં કમળ લઈને બેઠેલી,

હે ! હ્રીમ દેવી !

અમે તને પ્રણામ કરીએ છે."

## શીર્ષક

કથાની મુખ્ય નાયિકા કુવલયમાલાના નામ પરથી કથાનું શીર્ષક 'કુવલયમાલા' રાખવામાં આવ્યું છે. આવે સમયે આપણને સુબન્ધુની 'વાસદત્તા' અને બાણની કાદંબરીનું સ્મરણ થઈ આવે. નામકરણ પાછળની

પણ કથા આપણને કુવલયમાલા'માં પ્રાપ્ત થાય છે. કુવલયમાલા વિજયસિંહ રાજા અને ભાનુમતી રાણીની પુત્રી હતી. મધ્યકાલીન કથાસાહિત્યનો એક ગુણ હતો કે મુખ્ય નાયિકા કથામાં બહુ મોડી પ્રવેશ કરે અને ઉદ્યોતન સૂરિએ પણ એ પ્રવાહ પોતાની કથામાં જાળવ્યો છે. કુવલયમાલાની માતા ભાનુમતી ગર્ભાવસ્થા દરમ્યાન કુવલયોની અર્થાત નીલકમળોની માળા સ્વપ્નમાં જુએ છે અને તેના પરથી કુવલયમાલા' નામ આપે છે. કુવલયચંદ્રના નામની પાછળ પણ કથા છે  એ પ્રમાણે એની માતા પ્રિયંગુશ્યામાએ 'ચંદ્ર' તેમ જ 'કુવલયો' જોયાં જેથી કુવલયચંદ્ર નામાભિધાન કર્યું.

## કૃતિની આંતર કથાઓ એક અભ્યાસ

આ કથા એક કાલ્પનિક કથા હોવાથી સ્વૈછિક વિહાર કરી શકે છે, બીજી બીબાંઢાળ કથાઓની જેમ આદિ, માધ્ય અને અંત એમ નથી આવતી. કર્તાએ કથાનો આરંભ પરમાત્મા મહાવીરની સ્તુતિથી કર્યો છે. અયોધ્યા નગરીના દ્રઢવર્મા રાજા અને પ્રિયંગુશયમાં રાણીને દેવીની ઉપાસનાથી પુત્ર કુવલયચંદ્રની પ્રાપ્તિ થાય છે. સર્વ કલાગુણસંપન્ન એ કુમાર સાથે એક દિવસ રાજા અશ્વક્રીડા માટે જાય છે ત્યારે તેનું અશ્વ સાથે દિવ્યહરણ થાય છે. આકાશ માર્ગે જતાં-જતાં રાજકુમાર અશ્વના પેટમાં છરી ભોંકે છે જેથી અશ્વ સાથે તે નીચે આવે છે. તે સમયે આકાશવાણી થાય છે, "કુમાર કુવલયચંદ્ર ! દક્ષિણ દિશામાં એક ગાઉ દૂર જાય ત્યાં કોઈ વખત ન જોયેલું એવું કંઈક તારે જોવાનું છે."

કુમાર ત્યાં જાય છે અને ત્યાં સાગરદત્ત મુનિ એક સિંહને સંલેખના કરાવતા હોય છે. અશ્વ સાથે થયેલા પોતાના હરણ વિશે પૂછતા મુનિવર એક વૃતાંત કહે છે. કૌશમ્બી નગરીના પુરંદરદત્ત રાજા પોતાના મંત્રી સાથે ઉદ્યાનમાં જાય છે ત્યાં આચાર્ય ધર્મનંદન ચાર ગતિ, સ્વરૂપ, સંસાર વિષે પોતાના શિષ્યોને ઉપદેશ આપે છે. રાજા ત્યાં બેઠેલા કેટલાક દીક્ષિતો વિશે ચંડ, સોમ, માનભદ્ર, લોભદેવ અને મોહ દત્ત વિશે પ્રશ્ન કરે છે અને ધર્મનંદન આચાર્ય તેમના વૃતાંતો જણાવે છે. ધર્મનંદન મુનિ ત્યાંથી વિહાર કરીને જાય છે. ચંડ, સોમ વગેરે પાંચેય પરસ્પર ધર્માનુરાગવાળા દીક્ષિતો કાળધર્મ પામી ને એક જ દેવલોકમાં ઉત્પન્ન થાય છે. એક વખતે ધર્મનાથ તીર્થંકર દક્ષિણ ભરતખંડના મધ્ય ભાગમાં વિચરી રહ્યા હતા ત્યારે દેવતાઓએ સમવસરણની રચના કરી. એમાં આવેલા આ પાંચ દેવો પોતાના ભાવિ કલ્યાણ વિશે ધર્મનાથ જિનેશ્વરને પ્રશ્ન પૂછે છે.

ત્યાર પછી તેમાંથી પદ્મપ્રભ દેવ ચ્યવીને મનુષ્ય લોકમાં સાગર દત્ત વેપારી બને છે અને પછી દીક્ષા લઈને સાગર દત્ત મુનિ બને છે. માનભટ્ટનો જીવ કુવલયચંદ્ર કુમાર પોતે છે અને માયાદિત્યનો જીવ

દેવલોકમાંથી દક્ષિણ દેશના રાજા ની પુત્રી કુવલયમાલા તરીકે અવતરે છે. તેને પ્રતિબદ્ધ પમાડવાના હેતુથી કુમાર ત્યાંથી જ દક્ષિણ દિશામાં પ્રયાણ કરે છે. માર્ગમાં યક્ષ જિનશેખર વનસુંદરી એણિકા, રાજપુત્ર દર્પફ્લિહ વગેરેના વૃતાંતો જાણવા મળે છે. પછી દક્ષિણ દેશમાં વિદ્યાનગરી જઈ પાદપૂર્તિ કરી કુમારી કુવલયમાલાને પરણે છે અને તેને સાથે લઈ સ્વદેશ પાછો ફરે છે.

કુવલયચંદ્રના આગમન પછી દૃઢવર્મા મહારાજા દીક્ષા લે છે. કુવલયમાલા  કુંવરને જન્મ આપે છે. પૂર્વભવમાં મોહદત્તનો જીવ પદ્મકેસર દેવ થાય છે અને તે કુંવર તરીકે અવતરે છે એનું નામ પૃથ્વીસાર રાખવામાં આવે છે. સમય જતાં કુવલયચંદ્રકુમાર અને કુવલયમાલા બંને દીક્ષા લે છે અને થોડા સમય પછી પૃથ્વીસાર પણ દીક્ષા લે છે તે કાળધર્મ પામી ફરીથી દેવ બને છે. સાગરદત્ત મુનિ અને સિંહ પણ દેવ બને છે એ રીતે આ પાંચેય ફરીથી દેવલોકમાં દેવ થઈ પોતાનો કાળ સુખમાં પસાર કરે છે. ત્યાર પછી છેલ્લા તીર્થંકર શ્રી મહાવીર સ્વામીના સમયમાં કુવલયચંદ્ર દેવ નો જીવ કાકંદી નગરીમાં કંચનરથ રાજાનો શિકારી-વ્યસની પુત્ર મણિરથ કુમાર તરીકે થાય છે. મહાવીર પ્રભુ પાસેથી પૂર્વભવની વાત સાંભળીને તેનામાં વૈરાગ્ય જન્મે છે અને દીક્ષા લે છે મોહદત્ત, લોભદેવ ચંડ, સોમ વગેરે પણ પ્રતિબોધ સાંભળીને દીક્ષા લે છે. આમ અંતે પાંચે જીવાત્માઓ અંતિમ સાધના કરી અંતકૃત કેવલી થઈને મોક્ષે જાય છે. આ આખો કથા પટ છે.

પાંચે કથાના પાત્રો જન્મ-જન્માંતરમાં ફરે છે, એકબીજાને મળે છે, છૂટાં પડે છે અને ધર્મોપદેશ સાંભળીને વૈરાગ્યને પામી મોક્ષગામી બને છે. અહીં મૂળકથા છૂટે છે અને કથાકાર કથાને એક નવો વળાંક આપે છે. જે પાંચ પાત્રો બેસેલા હોય છે તેમના પૂર્વભવની કથા આરંભાય છે અને પ્રત્યેકની પાંચ -પાંચ કથાઓ કહે છે. નાયક અને નાયિકાની પણ જન્માંતરની કથાઓ આવે છે.કથાકાર પોતાની વિશિષ્ટ કલાસૂઝ દ્વારા જન્માંતરની કથાઓ આલેખે અને તાણા - વાણા પરોવાય તેમ કથાને વર્તમાન સાથે જોડી દઈને કથાનું પોત રચે છે.આ બધી અવાંતર કથા હોવા છતાં મૌલિક અને રસાનુભૂતિ કરાવે તેવી છે.પ્રત્યેક કથાને સ્વતંત્ર કથા તરીકે આપણે માણી શકીએ છે. કથાના ઘણા સંવાદો, પ્રસંગો, વાતો આસ્વાદ્ય છે. આ કથાઓને અવાંતર કથા કહે છે. અવાંતર કથા એટલે પૂર્વભવની કથા.

કુવલયમાલાની કથાની રચનામાં કર્તાએ પોતાની અસાધારણ શક્તિ દાખવી છે આખી કથા કર્તાએ ઉત્પાદ્ય એટલે કે મૌલિક પ્રકારની પોતાની કલ્પનાથી સર્જેલી છે. એમાં એક મુખ્ય કથાની અંદર બીજી ઘણી આંતર કથાઓ આવે છે. એમાંની કેટલીક આંતર કથાઓ તો મુખ્ય પાત્રોના જન્માંતરની કથા રૂપે આવે છે. આ બધી કથાઓનું પૌવાપર્ય કર્તાએ એવી ખૂબીથી ગોઠવી કાઢ્યું છે કે તેથી તે દરેક કથા સ્વતંત્ર રીતે પણ આસ્વાદ્ય બની શકે છે. કથાનો આરંભ કરીને કર્તા તરત જ કથાને ભૂતકાળમાં લઈ જાય છે. ઘણા પ્રકરણ

પછી તેને કથાના વર્તમાન સાથે સાંકળી લે છે, ભવિષ્યમાં ગતિ કરાવે છે અને કથાનો અંત જૈન કથાઓમાં સામાન્ય જોવા મળે છે તેમ પાંચે પાત્રોને મોક્ષ ગતિ મળે છે.

કથાઓના માધ્યમથી મહાવિદેહ ક્ષેત્ર, ભરતક્ષેત્ર, સમવસરણમાં, દેવલોકમાં વગેરે અનેક દ્રશ્યોનું વર્ણન આબેહૂબ પ્રાપ્ત થાય છે. પાંડિત્યની વાત થાય ત્યારે કથારસ મોળો પડે છે પરંતુ કથા રચવાનો ઉદ્દેશ તો વાચકના હૃદયમાં વૈરાગ્ય ઉત્પન્ન કરવાનો છે. કથાકારે નવે રસનું પાન કરાવ્યું છે પરંતુ અંતે તો મોક્ષમાર્ગમાં લઈ જતા શાંત રસમાં જ પરિણમે છે.

## <u>આંતર કથાઓની વિશિષ્ટતાઓ</u>

### ૧) <u>આ કથાઓના પ્રકારો</u>

આ કથાના મૂળ જિનઆગમમાં છે. જિનઆગમ જે સૂક્તવાંચનાઓ થઈ ત્યારે બાહ્ય આગમોમાં વહેંચી કાઢવામાં આવ્યા. દ્રવ્યાનુયોગ, ચરિતાનુયોગ, ગણિતાનુયોગ અને કથાનુયોગ.આ કથાનું મૂળ ધર્મકથાનું યોગમાં મળે છે.  કવિ કહે છે કે આ આંતર કથાઓ સંકીર્ણ કથા છે. તેમાં પાંચ પ્રકારની કથા જેવી કે સકલકથા, ખંડકથા ઉલ્લાપ કથા, પરિહાસ કથા, વશકથા આ પાંચે કથાઓનો સમન્વય છે. આ કથાઓને કવિ સર્વ ગુણયુક્ત શૃંગારરસથી મનોહર સુરચિત અંગવાળી અને સર્વકલાગમથી સુભગ એવી સંકીર્ણ કથાઓ તરીકે ઓળખાવે છે. તેમાં ધર્મકથા, અર્થકથા અને કામકથા ત્રણેયનો સમન્વય હોવાથી તેને સકલકથાઓ પણ કહેવાય છે. આ કથાઓ ગદ્યમાં અને પદ્યમાં વિવિધ પ્રચૂર વર્ણનો અને વિવિધ રસના આલિંગન સાથે વર્ણવવામાં આવે છે તેથી સ્વરૂપની દ્રષ્ટિએ આ કથાઓને ચંપૂ કાવ્યના પ્રકાર તરીકે પણ ઓળખાવવામાં આવી છે.

## <u>આંતર કથાઓ ની ભાષાશૈલી :</u>

કવિ કહે છે કે આ આંતર કથાઓમાં મહારાષ્ટ્રની પ્રાકૃત દેશી ભાષાઓનો ઉપયોગ થયો છે. કોઇ સ્થળે સંસ્કૃત ભાષા, અપભ્રંશ ભાષા, દ્રવિડ ભાષા કે પૈશાચી ભાષામાં રચના કરવામાં આવી છે. આ કથાઓ ચંપૂ સ્વરૂપની હોવાથી તેમાં પાંડિત્યમય ભાષાનાં દર્શન થાય છે. સંસ્કૃત અને પ્રાકૃત ઉભયભાષા પરનું પ્રભુત્વ અસાધારણ છે. કથાઓમાં પ્રસંગે પ્રસંગે રૂઢ શબ્દોનો નવીન અર્થમાં આ પ્રયોગથી અને નવીન શબ્દને રૂઢ અર્થમાં આ પ્રયોગથી કવિની ભાષાશૈલી કવિત્વ અને સાધવાનું લક્ષ રાખતી હોય તેવું લાગે છે. આ કથાઓમાં

ક્યારે આત્મકથનાત્મક, ક્યારેક નાટ્યાત્મક, ક્યારેક સુભાષિતાત્મક, ક્યારેક ઉપદેશાત્મક, ક્યારેક પ્રાસાદિક, ક્યારેક સાત્વિક એવા વિવિધ સ્વરૂપને ધારણ કરે છે. ગદ્યની જેમ પદ્ય પર અસાધારણ પ્રભુત્વ જોવા મળે છે. કવિની પદ્ય પંક્તિઓ પાણીના રેલાની જેમ વહેતી હોય છે. ગાથાઓ પર પણ પ્રભુત્વ જોવા મળે છે.

## આંતર કથાઓમાં પ્રગટતી અલંકાર સમૃદ્ધિ :

અલંકાર સમૃદ્ધિની દ્રષ્ટિએ આ કૃતિ માણભટ્ટની કાદમ્બરીને સરસાઈ કરવાને શક્તિમાન છે. આંતર કથાઓમાં ઉપમા, રૂપક, ઉત્પ્રેક્ષા જેવા અલંકારો પદે-પદે છે. અલંકારના ઉદાહરણો  આંતર કથાઓમાં ક્ષણે ક્ષણે જોવા મળે છે તેમાં કવિની અપ્રિતમ શક્તિનો પરિચય થાય છે.

## આંતર કથાઓમાં રહેલા વિષયવસ્તુ

આ કથાઓમાં વિવિધ વિષયોને આવરી લેવામાં આવ્યા છે. કર્મ સિદ્ધાંતની બહુ ઊંડાણથી ચર્ચા કરેલી છે પરમાત્મા ઋષભદેવ શ્રી વીરપ્રભુ, શ્રી ધર્મનાથ, શ્રી શાંતિનાથ, શ્રી કુંથુનાથમાં અને શ્રી અરનાથ પ્રભુનાં નામોનો ઉલ્લેખ છે. આગમો પૈકી આચારંગથી માંડી દ્રષ્ટિવાદ સુધી બાર અંગોનું પનવન્ના, ચંદ્ર પ્રજ્ઞપ્તિ, સૂર્ય પ્રજ્ઞપ્તિ, પાહુડનું ચિતાકારી સ્વરૂપ રજૂ કરવામાં આવ્યું છે. ભિક્ષુની બાર પ્રતિમાનું વર્ણન છે (72મી કંડિકામાં કેટલાક મુનિવરો પ્રતિમા વહન કરતા હતા તેનું વર્ણન છે). કવિએ આંતર કથાઓની રચના એવી રીતે કરી છે કે તેમાં જુદા-જુદા પ્રસંગોચિત ધર્મ તત્વની વિચારણા કોઇપણ પાત્ર દ્વારા કરવામાં આવે છે. આ કથાઓમાં તેમને ધાર્મિક ક્રિયાઓના વર્ણન સમ્યકત્વના લક્ષણો, બાર ભાવના, પાંચ સમિપ્તિ, ત્રણ ગુપ્તિ, કર્મ મીમાંસા, કષાયનું સ્વરૂપ, મહાવિદેહ ક્ષેત્ર, મનુષ્ય જન્મની દુર્લભતા, બાળ-મરણ, પંડિત-મરણ વગેરે અનેક શાસ્ત્રોના વિષયોની ચર્ચા કરેલી છે. કવિનું તત્વચિંતન સમૃદ્ધ છે. આ કથાઓમાં લગભગ ૫૦ ઉપરાંત લબ્ધિઓનો નિર્દેશ છે. કવિ પોતે શ્વેતાંબર હોવા છતાં તેમને વારાંગ ચરિત્રના કર્તા જડિય અને પદ્મપુરાણના કર્તા રવિસેન બંને દિગંબર આચાર્યનો ઉદારતાપૂર્વક ઉલ્લેખ કરેલો છે. આ ઉપરાંત ગુણાઢ્ય, વ્યાસ, બાણ, સતવાહન અને વાલ્મિકીનો ઉલ્લેખ છે. કવિ આ સમગ્ર કથાઓનું નિર્માણ કવિતાના ઉદ્દેશથી પ્રેરાઈને નહીં પરંતુ ધર્મ અનુરાગથી પ્રેરાઈને કરી છે. તેમણે કથાના પાત્રો દ્વારા વારંવાર ધર્મોપદેશ આપ્યો છે તેથી તેને ધર્મ કથા પણ કહેવાય છે.

## આંતર કથાઓમાં આવતા વર્ણનો

આ કથાઓમાં કવિએ બહુ સુંદર રીતે વર્ણન કરેલા છે. સ્ત્રીઓ, પુરુષો, નગરીઓ, અટવીઓ, પર્વતો, સમુદ્રના તોફાનો, દુષ્કાળ, રાત્રી, સંધ્યા, પ્રભાત, દેવલોક, પૃથ્વીલોક અંતઃપુર, વિદ્યાલય, છાત્રાલય, હાથી, ઘોડા, વાઘણ, પોપટ, જલક્રીડા વગેરે અનેક વસ્તુઓનું વિગતે વર્ણન કવિએ જુદી-જુદી વસ્તુઓના સંદર્ભે કર્યો છે. ક્યારેક સમાસયુક્ત ભાષામાં ક્યારેક સરળભાષામાં, ક્યારેક રૂપક શૈલીથી, ક્યારેક ઉત્પ્રેક્ષા વડે આ બધા જ વર્ણનો કર્યાં છે. કવિએ નગરીના વર્ણનમાં નગરનું નામ, કિલ્લો, દુકાન, માર્ગો, ઉપવન, સન્નિવેશ, આવાસો, તળાવો, મંદિરો, વાવડીઓ જુદા-જુદા વર્ણનાં લોકોનું વર્ણન કર્યું છે. કવિએ બધી ઋતુઓનું વર્ણન કર્યું છે પણ શરદ, વર્ષા અને વસંત ઋતુનું વિશેષ વર્ણન કર્યું છે. કવિએ કથાઓમાં શૃંગાર, વીર, કરુણ, હાસ્ય બીભત્સ, શાંત વગેરે રસોનું આલેખન કર્યું છે. આમાં શૃંગાર રસનું આલેખન બાળ-જીવોને આકર્ષણ માટે જ કહ્યું છે    પાછળથી વૈરાગ્યમાં પરિણમે છે. આ ખુલાસો કવિ ગ્રંથના અંતમાં સ્વયં જ કરે છે.

## આંતર કથાઓમાં પાત્રો

- દૃઢવર્મા - કુવલયચંદ્રના પિતા
- પ્રિયંગુશ્યામા- કુવલયચંદ્રની માતા
- શ્રી દત્ત - કુવલયચંદ્ર પોતે, કુવલયમાલાનો પતિ, નાયક, પહેલા ભવમાં માનભટ્ટ
- કુવલયમાલા - નાયિકા - કુવલયચંદ્રની પત્ની અને પહેલા ભવમાં ગંગાદિત્ય- માયાદિત્ય
- પૃથ્વીસાર - કુવલયચંદ્રનો પુત્ર, પહેલા ભવમાં મોહદત્ત
- વિજયસેન -કુવલયમાલાના પિતા
- ભાનુમતી - વિજય સેનની પટલાણી, કુવલયમાલાની માતા
- સાગરદત્ત – વેપારી, પછી અવધિજ્ઞાની મુનિ, પહેલા ભવમાં ધનદેવ-લોભદેવ
- મહેન્દ્રકુમાર - કુવલયચંદ્રનો મિત્ર
- સિંહ -    આગલા ભવમાં ભદ્રશર્મા - ચંડસોમ

## ઉપસંહાર

'કુવલયમાલા' એ માત્ર પ્રાકૃત ગાથાનું અનેરું આભૂષણ નથી પરંતુ જગતમાં તમામ સાહિત્યમાં ગૌરવભર્યું સ્થાન પામી શકે તેવું રત્ન છે. પ્રાકૃત ભાષાની આ કથાનો ગુર્જર અનુવાદ આગમોદ્ધારક આનંદસાગર સુરિશ્વરજીના શિષ્ય હેમસાગર સુરિશ્વરજીએ કર્યું છે, તેનું સંપાદન પ્રો. સ્વ. રમણલાલજી શાહે કરેલું છે.

## <u>વિશિષ્ટતાઓ :</u>

**1)**'કુવલયમાલા' **433** કંડિકા **(**કંડિકા એટલે ગાથા**)** અને **29** પ્રકરણ અને **13000** શ્લોકવાળી દીર્ઘ કાલ્પનિકકથા છે. કોઈપણ ઐતિહાસિક ભૂમિકા કે વાસ્તવિક ધરાતલ વગર માત્ર કલ્પનાની પાંખે સમગ્ર કૃતિની રચના કરી છે એ વિશિષ્ટતા છે.

**2)**ગુણગ્રાહ્યતા આ કૃતિની બીજી વિશિષ્ટતા છે. સર્જક પોતે પ્રખર પંડિત હોવા છતાં દિગંબર જૈન કે જૈનેતરના વિચારો, તત્વોને કૃતિમાં આવકાર્યા છે. વિશ્વમાં જે કંઈ ગુણગ્રાહ્ય છે તેનું આલેખન પ્રાપ્ત થાય છે.

**3)**જૈન તત્વનો મહિમા લોકો સુધી સરળ, રસાળ વાણીમાં કરાવ્યો છે. આ કથામાં જૈન સાધુ એક સિંહને સંલેખના કરાવે છે, અનશન કરાવે છે. આ ઘટના દ્વારા તેઓ દર્શાવવા માંગે છે કે, જૈનધર્મમાં શૂદ્રજીવોમાં પણ આત્મોદ્ધારની શક્યતા પડેલી જુએ છે.

**4)** નમ્રતા. આ કૃતિના આરંભમાં જ જે કાંઈ સારું રચાયું છે તેની પાછળ હ્રીમ દેવીની કૃપા અને કોઈ ત્રુટિ રહી હોય તો પોતાની નબળાઈ છે એમ સહજ સ્વીકૃતિ મળે છે.સર્જકની નમ્રતા, વિનયી છબી પ્રગટે છે.

**5)** અનેક વિષયોને સમાવિષ્ટ કરતો ગ્રંથ છે. આ કથા જે કોઈ વાંચે એને એ રીતનો વિષય મળી રહે. દા.ત. જેને દ્રવ્યાનુયોગમાં રસ હોય તેને લેશ્યા, સમ્યક્ત્વ વિશે જાણવા મળે, જેને દાર્શનિક સાહિત્યમાં રસ હોય બાણ વગેરે સાહિત્યકારોનું દર્શન વાંચવા મળે, જેને કર્મસિદ્ધાંતમાં રસ હોય એને મોહનીય કર્મનું વિશાલ ફલક જાણવા મળે છે, જેને સાહિત્યમાં રસ હોય તેને વિભિન્ન વર્ણનો, અલંકારિક ભાષાઓ, નવ રસ આદિનું પાન કરી શકે છે, જેને સંશોધનમાં રસ હોય તો તેને સંશોધન માટેની અનેક સામગ્રીઓ મળી રહે છે. સમાજશાસ્ત્રીય માહિતી પણ પુષ્કળ પ્રમાણમાં જોવા મળે છે. જ્યોતિષશાસ્ત્ર વિશે પણ સૂક્ષ્મતાથી વર્ણન પ્રાપ્ત થાય છે. અર્થઉપાર્જન વિશે પણ માર્ગદર્શન પ્રાપ્ત થાય છે.

**6)** આ કૃતિમાં આપણને કામ પ્રદીપ્ત થાય તેવું વર્ણન મળે છે તેમ જ એક સાધુ ભગવંત કોઈ સ્ત્રી કે પુરુષના દેહનું કામોત્તેજક વર્ણન કઈ રીતે કરી શકે તે સ્વાભાવિક જ પ્રશ્ન જન્મે. ગુરુ ભગવંતે આપણા આ પ્રશ્નનો ઉત્તર પોતે જ ગ્રંથમાં આપી દીધો છે. તેમણે કહ્યું છે કે, તમને મારી ટીકા કરવાનું મન થશે કે જૈન સાધુ હોવા છતાં એવું લખે છે પરંતુ તેઓ એના ઉત્તરરૂપે કહે છે કે પોતે જે કામરાજ લખ્યો છે તેની નિંદા ન કરતા. કથા ચાર પ્રકારની હોય છે: આક્ષેપની, વિક્ષેપની, સંવેગવાળી અને નિર્વેગવાળી. રાગવાળા માનવને શ્રુત સાંભળવા માટે ઉત્સુક કરવા આવશ્યક છે અને એટલે પ્રથમ તેની સાથે રાગની વાતો કરવી પડે, તેને કથા સાંભળવા આકર્ષિત કરવો પડે. એ માટે શૃંગાર, નવ રસ આદિની આક્ષેપની વાત કરવામાં આવે છે.

રાગી વ્યક્તિ કથામાં ઓતપ્રોત બને છે ત્યારે નિક્ષેપની વાત કરીને રાગમાંથી ધીમે-ધીમે મુક્ત કરવામાં આવે છે અને પછી સંવેગની વાતો દ્વારા મોક્ષની અભિલાષા જગાડવામાં આવે અને અંતે નિર્વેગની વાત કરીને સંસાર રસ ઓગળી જાય છે.આમ આ કથા કામકથા નહીં પરંતુ મોક્ષગાથા રૂપે પ્રાપ્ત થાય છે.

## પરિશિષ્ટ

### વર્ણન

આ ગ્રંથમાં કવિએ કરેલ વિવિધ વર્ણનોમાંનું એક શરદ ઋતુનું વર્ણન ઉદાહરણરૂપે શરદઋતુ કાશ જાતિના ફુલો જેવી નિર્મળ, નિર્મળ જળના શોભાવાળી, સ્ફટિક રત્ન જેવી ચંદ્રની જ્યોત્સનાવાળી ખીલેલા પુષ્પની શોભાવાળી નવપલ્લવિત લીમડાવાળી અનાજના છોડ અને બળદોના અવાજવાળી શરદ ઋતુનું વર્ણન અત્યંત સુંદર લાગે છે.

એક વાર રાજા વિજયસેન રાજસભામાં હોય છે અને દાસી આવીને જણાવે છે કે મહારાણી કોપભવનમાં છે ત્યારે રાજા રાણીને મનાવવા જાય છે ત્યારે રાણીની આંખમાં આંસુ જુએ છે. અહીં રાજા રડતી નારીનાં સૌંદર્યનું અદ્ભૂત વર્ણન આવે છે: "નયન યુગલે સો પાંખડીવાળા કમળની શોભા પ્રાપ્ત કરી છે. ક્રોધથી હોંઠ ફફડે છે ત્યારે તારા દાંત સૂર્યનાં કિરણોની જેમ શોભી રહ્યા છે. મનોહર નયનરૂપી કળીમાંથી અશ્રુજળબિંદુ ઝરતું સૌંદર્ય મેં પહેલા ક્યારેય જોયું નથી."

એક સાધુભગવંત રડતી રાણીનાં મુખનું મંત્રમુગ્ધ વર્ણન કરે ત્યારે આશ્ચર્ય થાય.

રાજકુમાર ફરવા નીકળે છે ત્યારે નગરની યુવતીઓ રાજકુમારને જોઈને રસપ્રદ વાતો કરે છે તે ધ્યાનાર્નીય છે:

"સખી, રાજકુમાર રૂપથી કામદેવ જેવો જણાય છે ત્યારે બીજી સખી કહે છે કે, જો કામદેવ હોય તો યુવતીઓનાં સૌંદર્ય પર પ્રહાર કરે પરંતુ આ તો વીર જેવો દેખાય છે. એક યુવતીને નારાયણ જેવો દેખાય છે, શ્યામ કાજળની કાંતિ જેવો હોય તો નારાયણ કહેવાય પણ આ તો તપાવેલા સુવર્ણની કાંતિ જેવો છે, એક સખી કહે છે કે આ તો પૂર્ણિમાના ચંદ્ર જેવો દેખાય છે ત્યારે બીજી કહે કે ચંદ્રમા તો કલંક હોય છે આ તો કલંક રહિત છે વળી કોઈ ઈન્દ્ર જેવો જુએ છે, મહાદેવ જેવો, સૂર્ય જેવો લાગે છે,આવી અનેક ઉપમાઓ આપે છે. આ સિવાય કથામાં જિન પરમાત્માનું વર્ણન બે થી ત્રણ પૃષ્ઠભરીને પ્રાપ્ત થાય છે.

### રાજર્ષિ નો ઉપદેશ ઉદાહરણરૂપે

ધર્મનો ઉપદેશ : રાજાઓ અને મંત્રીઓ હું તમને કહું છું કે આ સંસાર અત્યંત દુઃખવાળો છે અને કપટથી ભરેલો છે. કામનો છેડો નથી. ભોગો પરિણામે વીરસ છે. કર્મનું ફળ કડવું હોય છે. કાકતાલીય ન્યાયે મનુષ્યપણું મળી જાય છે. આયુષ્ય થોડું હોય છે, ધર્માચાર્યો વિરલ હોય છે. જિનધર્મ દુર્લભ છે. જિનોક્ત ક્રિયાકલ્પ દુષ્કર છે. મનને વશ કરવાનું સહેલું નથી માટે તમારા આત્માની જેમ બીજા પ્રાણીઓનું રક્ષણ કરો. ન બોલવા જેવા અને જૂઠા વચનો ન બોલો. તણખલા જેટલું પણ પારકું ગ્રહણ ન કરો, પરસ્ત્રીઓને માતાની જેમ ગણો, પરિગ્રહને શત્રુની જેમ માનો અને આ વાત સ્વીકારો કે જરા, મરણ, રોગ, કર્મમલ ક્લેશની પ્રચુરતાવાળા સંસારમાં એક જિનવચન છોડીને જગતના બીજા કોઈનું શરણ નથી.